# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-10-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day: TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1) નાના અને મધ્યમ ઉદ્યોગોમાં ઇક્વિટી રોકાણ માટે 10 હજાર કરોડના નાના અને મધ્યમ ઉદ્યોગો વૃદ્ધિ ભંડોળની સ્થાપનાને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી.

2) મંત્રીમંડળે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સરકારના વડા તરીકે 25 વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન આપતો ઠરાવ પસાર કર્યો.

3) DRDO એ સ્વદેશી હાઇ-એલ્ટિટ્યુડ પ્લેટફોર્મનું સફળતાપૂર્વક ઉડાન પરીક્ષણ કર્યું.

4) ભારતે કાળા સમુદ્ર અને હોર્મુઝ સામુદ્રધુનીમાં વાણિજ્યિક જહાજો પર થયેલા હુમલાઓની ટીકા કરી.

5) પુરુષ ક્રિકેટમાં ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે T-20 શ્રેણીનો આજે લખનૌમાં પ્રથમ મુકાબલો.

*************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET- DECISIONS

કેબિનેટે ઇન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ એન્ડ લોજિસ્ટિક્સ ઓથોરિટીની સ્થાપનાને મંજૂરી આપી છે. આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક બાદ મીડિયાને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આનાથી પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં સંશોધન, આયોજન, મૂલ્યાંકન, દેખરેખ અને અસર મૂલ્યાંકનને મજબૂત બનાવવામાં આવશે.

## (BYTE: ASHWINI VAISHNAV)

*(यह ग्रोथ फंड एमएसएमई और फाइनेंस मिनिस्ट्री के सहयोग से चलेगा।लॉन्ग टर्म इक्विटी कैपिटल प्रोवाइड करना इस ग्रोथ फंड का मेजर ऑब्जेक्टिव है*

*प्रोफेशनली मैनेज होगा, जिस तरह से ग्रोथ का पोटेंशियल हो जिन एमएसएमई में, उन एमएसएमई को इसमें सेलेक्ट किया जाएगा।एमएसएमई मिनिस्ट्री प्लस स्टेट गवर्नमेंट्स प्लस इंडस्ट्री बॉडीज प्लस बैंक्स, इन सबका इनपुट लेके एमएसएमई ग्रोथ फंड को संचालित किया जाएगा।)*

કેન્દ્રીય મંત્રીમંડળે નાના અને મધ્યમ ઉદ્યોગોમાં ઇક્વિટી રોકાણ માટે 10,000 કરોડ રૂપિયાના નાના અને મધ્યમ ઉદ્યોગ વિકાસ ભંડોળની સ્થાપનાને પણ મંજૂરી આપી છે.

# CABINET - RESOLUTION

મંત્રીમંડળે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સરકારના વડા તરીકે ૨૫ વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન આપતો ઠરાવ પસાર કર્યો. શ્રી મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પ્રથમ વખત પદભાર સંભાળ્યો હતો અને ૨૦૧૪ માં પ્રધાનમંત્રી  બન્યા હતા. આવતીકાલે, તેઓ સરકારના વડા તરીકે ૨૫ વર્ષ પૂર્ણ કરશે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ એવો ઇતિહાસ રચ્યો છે, જેનું ઉદાહરણ ભાગ્યે જ કોઈ લોકશાહી દેશમાં જોવા મળે છે.

# PM-ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે જળ સુરક્ષાનો અર્થ ફક્ત માળખાગત સુવિધાઓનું નિર્માણ જ નહીં, પરંતુ સારી યોજના, મજબૂત સ્થાનિક વ્યવસ્થા અને જળ વ્યવસ્થાપનમાં સમુદાયોને સામેલ કરવાનો પણ છે.

ગુજરાતના જળ વ્યવસ્થાપન મોડેલ પર એક રાષ્ટ્રીય દૈનિક અખબારમાં પ્રકાશિત લેખ શેર કરતી વખતે પ્રધાનમંત્રીએ કહ્યું કે ગુજરાતમાં જળ સુધારાથી લઈને મોટા પાયે રાષ્ટ્રીય કાર્યક્રમો સુધીની ભારતની સફર એવા દેશો માટે વ્યવહારુ ઉદાહરણ પૂરું પાડે છે જે પાણી વ્યવસ્થાપનમાં સુધારો કરવા અને વધતી જતી પાણીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માંગે છે. તેમણે કહ્યું કે ભારતનું જળ વ્યવસ્થાપન મોડેલ વ્યાપક વૈશ્વિક દક્ષિણ માટે ઉપયોગી પાઠ પ્રદાન કરે છે.

# HP- PREZ-COMPASSIONATE HEALTHCARE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડોક્ટરોને સેવા અને કરુણાની ભાવના સાથે તબીબી ક્ષેત્રમાં કામ કરવા હાકલ કરી છે. હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સાયન્સ (AIIMS) ના પ્રથમ દીક્ષાંત સમારોહમાં રાષ્ટ્રપતિએ આજે તબીબી ક્ષેત્રમાં થઈ રહેલા ગહન ફેરફારોનો ઉલ્લેખ કર્યો.

# REV DAY RAJNATH - VIZAG

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે ભારતને તેની દરિયાઈ શક્તિને વધુ વધારવા અને દેશની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે એક મજબૂત અને સંકલિત દરિયાઈ ઇકોસિસ્ટમની જરૂર છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે વિશાખાપટ્ટનમ સ્થિત હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ ખાતે ફ્લીટ સપોર્ટ શિપ-1 લોન્ચ કર્યું. તેમણે ફ્લીટ સપોર્ટ શિપ-5નું ખાતમુહૂર્ત કર્યું અને એડવાન્સ્ડ સ્લિપવે-4 અને 300 ટન ક્ષમતા ધરાવતી ગોલિયાથ ક્રેનનું પણ ઉદ્ઘાટન કર્યું.

# DEFENCE CONTRACTS

સંરક્ષણ મંત્રાલયે ભારતીય નૌકાદળના જહાજો માટે બ્રહ્મોસ ફાયર કંટ્રોલ સિસ્ટમ અને લોન્ચર્સની ખરીદી માટે બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઇવેટ લિમિટેડ સાથે 660 કરોડ રૂપિયાથી વધુના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ભારતીય-સ્વદેશી રીતે ડિઝાઇન, વિકસિત અને ઉત્પાદિત શ્રેણી હેઠળનો કરાર નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં કરવામાં આવ્યો હતો.

# BJP- RAHUL GANDHI

સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ ભારતના ચૂંટણી પંચ અને અન્ય બંધારણીય સંસ્થાઓને નિશાન બનાવવા બદલ વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીની ટીકા કરી હતી. શ્રી રિજિજુએ કહ્યું કે રાજકીય પક્ષોએ ચૂંટણીના જનાદેશનો સ્વીકાર કરવો જોઈએ. બંધારણીય સંસ્થાઓને નિશાન બનાવવી એ દેશના હિતમાં નથી તેમ પણ શ્રી રિજિજુએ વધુમાં ઉમેર્યું.

# FUR REV. TN-WB VOTING

તમિલનાડુ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળમાં પાંચ વિધાનસભા બેઠકો તેમજ આસામની એક લોકસભા બેઠક માટે પેટાચૂંટણી માટે મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું. તમિલનાડુમાં મદુરંતકમ અને ધારાપુરમ, પુડુચેરીમાં થટ્ટનચાવાડી અને પશ્ચિમ બંગાળમાં રેજીનગર અને નંદીગ્રામ માટે મતદાન થયું. આસામની નાગાંવ લોકસભા બેઠક માટે પણ મતદાન થયું. શુક્રવારે મતગણતરી થશે.

# DRDO-HAPS

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) એ આજે સ્વદેશી હાઇ-એલ્ટિટ્યુડ પ્લેટફોર્મ નું સફળતાપૂર્વક ઉડાન પરીક્ષણ કર્યું. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ પરીક્ષણ વાયુસેના, લશ્કરી હવાયોગ્યતા અને પ્રમાણપત્ર કેન્દ્ર, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય, ભારતીય એરપોર્ટ ઓથોરિટી અને અન્ય નાગરિક સત્તાવાળાઓના સહયોગથી હાથ ધરવામાં આવ્યું હતું.

મંત્રાલયે જણાવ્યું કે સમુદ્ર સપાટીથી 21 કિમીની ઊંચાઈએ પહોંચ્યા પછી, ફ્લાઇટ 30 મિનિટથી વધુ સમય માટે 20 કિમીની ઊંચાઈ જાળવી રાખી હતી. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે સફળ પરીક્ષણ માટે ટીમને અભિનંદન આપતા કહ્યું કે આ આત્મનિર્ભર ભારતની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જેનો હેતુ લાંબા સમય સુધી ચાલતું સ્ટ્રેટોસ્ફેરિક એરશીપ બનાવવાનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# MEA MV ROYAD MAMMADOV-VESSEL ATTACK

ભારતે આજે કાળા સમુદ્ર અને હોર્મુઝ સામુદ્રધુનીમાં વાણિજ્યિક જહાજો પર થયેલા હુમલાઓની ટીકા કરી છે, જેમાં બે વિદેશી નાવિક માર્યા ગયા હતા અને ભારતીય નાગરિકો સહિત અનેક ક્રૂ સભ્યો ઘાયલ થયા હતા.

ભારતે આ પ્રદેશોમાં શિપિંગ પર હુમલાઓની સતત ઘટનાઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેણે આ પ્રદેશમાં વાણિજ્યિક શિપિંગ, નાવિકો અને નાગરિક માળખાને નિશાન બનાવવાનો અંત લાવવા હાકલ કરી છે. તેણે કહ્યું છે કે, આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા નેવિગેશન અને વાણિજ્ય વહેલી તકે પુનઃસ્થાપિત થવું જોઈએ.

# GUJARAT STATUE OF UNITY

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. જાહેરસેવાથી દેશસેવાના મંત્રી અને અવિરત પ્રતિબદ્ધતા તથા સુશાસનથી પ્રેરિત થઈ સરકાર વર્ષ 2047 સુધી વિકસિત ભારત માટે સતત કામ કરી રહી છે. સમાવેશી વિકાસ અને સામાજિક સશક્તિકરણથી લોકોના જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે. ત્યારે આજે અમારી આ વિશેષ શ્રૃંખલામાં વાત કરીશું સ્ટેચ્યૂ ઑફ યુનિટી જેવી દૂરંદેશી પરિયોજનાની.**

## (CAPSULE: PRAVESH ADIACHA)

*(.... નર્મદા નદીમાં સાધુ બેટ પર 182 મીટરની ભવ્ય ઉંચાઈ સાથે સ્થાપિત સ્ટેચ્યૂ ઑફ યુનિટી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા છે. ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત આ વિશાળ પ્રતિમાનું ઉદ્ઘાટન 31 ઑક્ટોબર 2018ના રોજ કરાયું હતું. ગુજરાત વિધાનસભાની 182 બેઠકનું પ્રતિનિધિત્વ કરતી આ પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ લિબર્ટીથી લગભગ બે ગણી ઉંચી છે. લોક ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરતા દેશભરના લાખો ખેડૂતોએ પોતાના જૂના કૃષિ ઓજારના લોખંડનું દાન કર્યું હતું. રાષ્ટ્રીય ગૌરવના આ પ્રતીકના નિર્માણ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું,*

*(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)*

*આ મહત્વાકાંક્ષી પરિયોજનાએ આદિવાસી વિસ્તારને વૈશ્વિક સ્તરના પ્રવાસન કેન્દ્રમાં ફેરવીને સ્થાનિક આદિવાસી સમુદાય માટે કાયમી રોજગારી અને સમૃદ્ધિના નવા દ્વાર ખોલી દીધા છે. એકતાનગરમાં પિન્ક ઑટો ચલાવીને પોતાના પરિવારનો આધાર બનેલાં દેવિકાબેન તડવી જણાવે છે કે,*

*(BYTE: DEVIKABEN TADAVI)*

*અપર્ણા ખુંટનાં અહેવાલ સાથે પ્રવેશ અડિએચા આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# CRICKET

પુરુષ ક્રિકેટમાં આજે ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીનો પ્રથમ મુકાબલો ઉત્તરપ્રદેશમાં થઈ રહ્યો છે. લખનૌના શ્રી અટલ બિહારી બાજપેયી એકાના સ્ટેડિયમમાં રમાતી મેચમાં ભારતીય ટીમના સુકાની શ્રેયસ અય્યરે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

છેલ્લા મળેલા અહેવાલ મુજબ શાઈ હોપની આગેવાની હેઠળની વેસ્ટ ઈન્ડીઝની ટીમે 10 ઓવરમાં 3 વિકેટે 82 રન બનાવ્યા છે. ભારત તરફથી અક્ષર પટેલ અને અર્શદીપ સિંઘે 1-1 વિકેટ લીધી.

ઉલ્લેખનીય છે કે 2026 એશિયન ગેમ્સની ભારતીય ટીમમાંથી 10 ખેલાડીઓની આ શ્રેણી માટે પસંદગી કરવામાં આવી છે.

# FADA SEPTEMBER SALES

ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (FADA) ના અહેવાલ મુજબ, સપ્ટેમ્બરમાં દેશના ઓટોમોબાઈલ રિટેલ વેચાણ વાર્ષિક ધોરણે 31.8 ટકા વધીને 25 લાખ યુનિટથી વધુ થયું છે, સપ્ટેમ્બરમાં પેસેન્જર વાહન વેચાણ વાર્ષિક ધોરણે 32.1 ટકા વધ્યું હતું, જ્યારે કોમર્શિયલ વેચાણમાં 37.6 ટકાનો વધારો થયો હતો.

# NATIONAL CONCLAVE- TRIBAL COMMUNITY

આદિવાસી બાબતોના મંત્રાલયે આજે નવી દિલ્હીમાં આદિવાસી સમુદાયો માટે બંધારણીય અધિકારો અને કાનૂની જોગવાઈઓ પર રાષ્ટ્રીય પરિષદનું આયોજન કર્યું હતું. આ બે દિવસીય પરિષદનું ઉદ્ઘાટન આદિવાસી બાબતોના મંત્રી જુઆલ ઓરમે કર્યું હતું. શ્રી ઓરમે આ પ્રસંગે જણાવ્યું કે પાયાના અધિકારીઓ દ્વારા આદિવાસી સમુદાયો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોની વધુ સારી સમજ તેમને સંબોધવા માટે વ્યવહારુ પગલાં લેવામાં મદદ કરશે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ પરિષદનો હેતુ આદિવાસી સમુદાયોના બંધારણીય અધિકારો અને સુરક્ષાને અસરકારક રીતે અમલમાં મૂકવા અને પારદર્શક અને સરળતાથી સુલભ સેવાઓ અને સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.